# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### ચોથું સત્ર

## મંગળવાર, ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ (પ્રથમ બેઠક)

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓઃ** [કૃષિ - પશુપાલન - ગૌ-સંવર્ધન - આદિજાતિ વિકાસ - મત્સ્યોદ્યોગ - પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ ].

**કુલ પ્રશ્નો 76**

----

### ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨નું મંજૂર મહેકમ

15/4/1961 *1 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શાં છે અને તે ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે?

----

### અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાયોજના વહીવટદાર કચેરીને ફાળવેલ ગ્રાન્ટ

15/4/826 *2 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા ૨ (બે) વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા

જિલ્લામાં પ્રાયોજના વહીવટદારની કચેરીને કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓની પ્રાયોજના વહીવટદારની કચેરી દ્વારા આ ગ્રાન્ટનો ઉપયોગ કઈ યોજનાઓ હેઠળ કરવામાં આવ્યો?

----

## તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય

15/4/1424 *3 **શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને શાં લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાપી જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી અનુસુચિત જનજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે?

----

## ભરૂચ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના

15/4/1228 *4 **શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા (વાગરા):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (ડબલ્યુ. ડી. સી.-૨.૦) હેઠળ કેટલા તળાવ બનાવવામાં આવેલ છે,

(૨) તે પૈકી કયા તાલુકામાં કેટલા નવા તળાવ બનાવવામાં આવેલ છે, અને

(૩) આની પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

----

## સાબરકાંઠા જિલ્લામાં બકરાં એકમ યોજનાના લાભાર્થીઓ

15/4/1248 *5 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કેટલી મહિલા લાભાર્થીઓને બકરાં એકમ (૧૦+૧) યોજના હેઠળ લાભ આપવામાં આવ્યો, અને

(૨) તે અંતર્ગત કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## આદિજાતિની કન્યાઓને ઉચ્ચ અભ્યાસ માટે સહાય

15/4/1439 *6 **શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આદિજાતિની કન્યાઓને ઉચ્ચ અભ્યાસ માટે સહાય આપવાની કોઈ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ શું લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજ્ય સરકારે કેટલી રકમની સહાય આપી છે?

----

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૨૦

15/4/1254 *7 **ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા (ધોરાજી):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અન્વયે વિદ્યાર્થીઓ ભારતીય જ્ઞાન પ્રણાલીનો અભ્યાસ કરી શકે તેમજ ગણિત જેવા વિષય માટે ઉપયોગી થઈ શકે તે માટે ધોરણ-૯ અને ધોરણ-૧૦ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા કોઈ નિર્ણય કરવામાં આવેલ છે કે કેમ?

----

## અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં મંજૂર પ્રાથમિક શાળાઓ

15/4/871 *8 **શ્રી હિરાભાઈ ઓધવજીભાઈ સોલંકી (રાજુલા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં સરકારી પ્રાથમિક શાળાઓ મંજૂર કરવામાં આવેલ છે? તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત તાલુકાના કેટલા ગામમાં પ્રાથમિક શાળાઓ મંજૂર કરવામાં આવી છે, અને

(૩) ઉક્ત મંજૂર પ્રાથમિક શાળાઓનું બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગ હેઠળની નકલી સરકારી કચેરી

15/4/1970 *9 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં આદિજાતિ વિકાસ વિભાગના તાબા હેઠળ ખોટી/નકલી સરકારી કચેરી ઉભી કરી સરકારી ગ્રાન્ટ/રકમ મેળવવામાંં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કોના દ્વારા કેટલી સરકારી ગ્રાન્ટ/રકમ ગેરકાયદેસર મેળવી હોવાનું ક્યારે સામે આવ્યું, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યારે શાં પગલાં લેવામાં આવ્યાં ?

----

## બનાસકાંઠા જિલ્લામાં નેશનલ ફુડ સિકયોરીટી મિશન-ન્યુટ્રી સિરિયલ યોજના હેઠળ બાજરા પાકના નિદર્શન

15/4/1231 *10 **શ્રી અનિકેત ગિરીશભાઈ ઠાકર (પાલનપુર):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નેશનલ ફુડ સિક્યોરીટી મિશન-ન્યુટ્રી સિરિયલ યોજના અંતર્ગત બાજરા પાકમાં કેટલા નિદર્શન આપવામાં આવ્યા, અને

(૨) સદરહુ નિદર્શન પેટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો

----

## વલસાડ જિલ્લામાં ખેડૂતોને રાયપનીંગ ચેમ્બર માટે સહાય

15/4/1235 *11 **શ્રી ભરતભાઇ કીકુભાઇ પટેલ (વલસાડ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડૂતોને ફળો પકવવા માટેના રાયપનીંગ ચેમ્બર માટેની યોજનામાં સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી?

----

## છોટાઉદેપુર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી

15/4/1434 *12 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

## કચ્છ જિલ્લામાં માધ્યમિક શાળાઓ મંજુર કરવા બાબત

15/4/1212 *13 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૧૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા,અબડાસા અને લખપત તાલુકાઓમાં કેટલી માધ્યમિક શાળાઓ મંજુર કરવામાં આવી,અને

(૨) કેટલા ગામોમાં મંજુર થયેલ છે,અને

(૩) મંજુર થયેલ શાળાઓથી ગામોનાં કેટલા વિધાર્થીઓને લાભ મળશે ?

----

## દાહોદ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી

15/4/1703 *14 **શ્રી કનૈયાલાલ બચુભાઈ કિશોરી (દાહોદ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

15/4/1218 *15 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર ખાણદાણ સહાય યોજના અંતર્ગત ગાય-ભેંસ માટે કેટલી સહાય કેટલા પશુપાલકોને આપવામાં આવી, અને

(૨) તે અન્વયે અંદાજીત કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## અમદાવાદ શહેર અને જિલ્લામાં આર.ટી.ઈ. એક્ટ-૨૦૦૯ હેઠળ શાળાઓમાં પ્રવેશ

15/4/1408 *16 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર RTE એક્ટ હેઠળ અમદાવાદ શહેર અને જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૧ માં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતાં હતા,

(૨) તે પૈકી ઉક્ત જિલ્લામાં આર.ટી.ઈ.એક્ટ-૨૦૦૯ હેઠળ કેટલા બાળકોને (૨૫ ટકા લેખે) પ્રવેશ મળવાપાત્ર થતો હતો, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર ઉક્ત જિલ્લામાં કેટલા બાળકોને આર.ટી.ઈ. એક્ટ-૨૦૦૯ હેઠળ પ્રવેશ આપવામાં આવ્યો?

----

## ભરૂચ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી

15/4/1447 *17 **શ્રી રીતેશકુમાર રમણભાઈ વસાવા (ઝઘડીયા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩-૨૦૨૪ અંતર્ગત ભરૂચ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને ક્યા-ક્યા બિયારણ અને ખાતર આપવામાં આવેલ છે?

----

## રાજકોટ જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન

15/4/1247 *18 **શ્રી રમેશભાઈ વીરજીભાઈ ટીલાળા (રાજકોટ દક્ષિણ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું,

(૨) કયા કયા પ્રકારના રોગો માટે રસીકરણ કરવામાં આવ્યું?

----

## પાકિસ્તાની તંત્ર દ્વારા પકડવામાં આવેલ માછીમારો

15/4/1981 *19 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**મત્સ્યોદ્યોગ :-**

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યના કેટલા માછીમારો અને કેટલી બોટો પાકિસ્તાનની જેલમાં છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા માછીમારો અને કેટલી બોટોને પાકિસ્તાન તંત્ર દ્વારા પકડવામાં આવ્યા છે, અને

(3) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યના કેટલા માછીમારો અને કેટલી બોટોને પાકિસ્તાનની જેલમાંથી છોડવામાં / મુક્ત કરવામાં આવ્યા ?

----

## રાજ્યમાં એક જ ઓરડો ધરાવતી સરકારી પ્રાથમિક શાળાઓ

15/4/1967 *20 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં એક જ ઓરડો (વર્ગખંડ) ધરાવતી કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ છે, અને

(3) ઉક્ત શાળાઓમાં એક જ ઓરડો(વર્ગખંડ) હોવાના કારણો શા છે, અને

(૩) વિદ્યાર્થીઓના ભણતરને વિપરીત અસર ન પડે તે માટે વધુ ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે ?

----

## સુરત જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી

15/4/1445 *21 **શ્રી પ્રવિણભાઈ મનજીભાઈ ઘોઘારી (કરંજ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

----

## રાજ્યમાં બિનસરકારી બિન અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરૂ કરવાની દરખાસ્તો

15/4/1255 *22 **શ્રી અમિત ઠાકર (વેજલપુર):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ થી બિનસરકારી બિન અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ શરૂ કરવાની રાજ્ય સરકારને કેટલી દરખાસ્તો મળી,

(૨) તે પૈકી કેટલી ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી, અને

(૩) નામંજૂર કરેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના નામંજૂરીના કારણો ક્યાં છે?

----

## સુરત જિલ્લામાં ખાણદાણ સહાય યોજનાના લાભાર્થીઓ

15/4/1250 *23 **શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં પશુપાલકોના વિયાણ થયેલ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## સુરત જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થીઓને બિયારણ/ખાતર

15/4/1444 *24 **શ્રી કાંતીભાઈ હિંમતભાઈ બલર (સુરત (ઉત્તર)):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩-૨૦૨૪ અંતર્ગત સુરત જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને ક્યા-ક્યા બિયારણ અને ખાતર આપવામાં આવેલ છે?

----

## સુરત જિલ્લામાં પશુઓનું રસીકરણ

15/4/1246 *25 **શ્રી મનુભાઈ એમ. પટેલ (ઉધના):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા કયા પ્રકારના રોગો માટે રસીકરણ કરવામાં આવ્યું?

----

## નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય

15/4/1427 *26 **શ્રી આર.સી.પટેલ (જલાલપોર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને શાં લાભ આપવામાં

આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નવસારી જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી અનુસુચિત જનજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે?

----

## દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય

15/4/1426 *27 **શ્રી મહેશભાઈ ભુરીયા (ઝાલોદ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને શાં લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દાહોદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી અનુસુચિત જનજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે?

----

## વડોદરા જિલ્લામાં પશુ આરોગ્ય મેળા

15/4/1245 *28 **શ્રી અક્ષયકુમાર ઈશ્વરભાઈ પટેલ (કરજણ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલાં પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૩) તેમાં કુલ કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું?

----

## રાજ્યમાં પશુ ચિકિત્સા અધિકારી વર્ગ-૨ની જગ્યાઓ

15/4/1964 *29 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**પશુપાલન :-**

૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૦૬/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૨૮૧૫ (અગ્રતા-૧૯૭)ના અનુસંધાને માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યમાં પશુપાલન અધિકારી વર્ગ-૨ની કુલ ૪૬૦ જગ્યાઓ પૈકી ૩૧૫ જગ્યાઓ ખાલી હતી તે ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર મુજબ ભરવાનું આયોજન હતું તો તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ કુલ કેટલી જગ્યાઓ ખાલી છે,

(3) ઉક્ત ૧૦ વર્ષીય ભરતી કલેકેન્ડરની અવધિ કયારે પૂર્ણ થાય છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે ?

----

## ગાંધીનગર જિલ્લામાં પશુપાલન શિબિરોનું આયોજન

15/4/1240 *30 **શ્રી બલરાજસિંહ કલ્યાણસિંહ ચૌહાણ (દહેગામ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં કેટલી તાલુકા અને જિલ્લા પશુપાલન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) તેમાં કુલ કેટલા પશુપાલકોએ લાભ લીધો?

----

## અમદાવાદ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

15/4/1241 *31 **શ્રી કિરીટસિંહ સરદારસંગ ડાભી (ધોળકા):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં પશુપાલકોના વિયાણ થયેલ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

**મહિસાગર જિલ્લામાં મનરેગા યોજનામાં થયેલ ગેરરીતિ**

15/4/1988 *32 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જીલ્લામાં જિલ્લાવાર મનરેગા યોજનાના કામોમાં ભ્રષ્ટાચાર અને ગેરરીતિ અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી,

(૨) મળેલ ફરિયાદો અંગે શી તપાસ અને કાર્યવાહી કરવામાં આવી,

(૩) ઉક્ત તપાસમાં ઉક્ત જિલ્લામાં કયા સ્થળે ઉક્ત કામોમાં કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી, અને

(૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કયા જવાબદારો સામે શાં પગલાં લીધા?

----

**ખેડા જિલ્લામાં પશુ આરોગ્ય મેળાનું આયોજન**

15/4/1244 *33 **શ્રી કલ્પેશભાઈ આશાભાઈ પરમાર (માતર):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું,

(૨) તેમાં કેટલાં પશુઓને સારવાર આપવામાં આવી, અને

(૩) તેમાં કુલ કેટલા પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું?

----

## પાટણ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના

15/4/1700 *34 **શ્રી લવીંગજી મુળજીજી સોલંકી (રાધનપુર):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં પશુપાલકોના વિયાણ થયેલ પશુઓ ગાય-ભેંસ માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

----

## જામનગર જિલ્લામાં પશુપાલન શિબિરોનું આયોજન

15/4/1239 *35 **શ્રી મેઘજીભાઈ અમરાભાઈ ચાવડા (કાલાવડ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જામનગર જિલ્લામાં કેટલી તાલુકા અને જિલ્લા પશુપાલન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) તેમાં કુલ કેટલા પશુપાલકોએ લાભ લીધો?

----

## જંબુસર અને આમોદ તાલુકામાંં આદિવાસી હોસ્ટેલ

15/4/1271 *36 **શ્રી ડી.કે.સ્વામી (જંબુસર):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ જંબુસર અને આમોદ તાલુકામાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલ બનાવવાનું કોઈ આયોજન છે, અને

(૨) જો હા, તો ઉક્ત હોસ્ટેલ કેટલા સમયમાં બનાવવામાં આવશે?

----

## કચ્છ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજનામાં મંજૂર પ્રોજેક્ટ

15/4/1234 *37 **શ્રી અનિરૂધ્ધ ભાઈલાલ દવે (માંડવી):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (ડબલ્યુ. ડી. સી) હેઠળ ભારત સરકાર દ્વારા કેટલા પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે?

----

## આણંદ જિલ્લામાં વર્ષાયું ફળ પાકોના વાવેતર માટે સહાય

15/4/1237 *38 **શ્રી ગોવિંદભાઈ રઈજીભાઈ પરમાર (ઉમરેઠ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડૂતોને વર્ષયું ફળ પાકોના વાવેતર માટે સરકાર દ્વારા પ્રોત્સાહન આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં આણંદ જિલ્લામાં જો હા તોકેળ (ટીસ્યુ), પાકના વાવેતર માટે કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## પાકિસ્તાની તંત્ર દ્વારા પકડવામાં આવેલ માછીમારો

15/4/1977 *39 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**મત્સ્યોદ્યોગ :-**

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યના કેટલા માછીમારો અને કેટલી બોટો પાકિસ્તાનની જેલમાં છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા માછીમારો અને કેટલી બોટોને પાકિસ્તાન તંત્ર દ્વારા પકડવામાં આવ્યા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યના કેટલા માછીમારો અને કેટલી બોટોને પાકિસ્તાનની જેલમાંથી છોડવામાં / મુક્ત કરવામાં આવ્યા ?

----

## ભરૂચ જિલ્લામાં ક્ષેત્રિય નિદર્શન

15/4/1229 *40 **શ્રી રમેશભાઇ નારણદાસ મિસ્ત્રી (ભરૂચ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં એજીઆર-૩ યોજના અંતર્ગત કુલ કેટલા ક્ષેત્રીય નિદર્શન ગોઠવવામાં આવ્યા, અને

(૨) તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી છે?

----

## ગીરસોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં નાળીયેરી પાકને સફેદ માખીથી નુકશાન

15/4/1982 *41 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં નાળીયેરીના પાકને સફેદ માખીના ઉપદ્રવના કારણે ખેડૂતોને ખૂબ જ મોટું નુકશાન થયું હોવાની કેટલી ફરીયાદો સરકારને મળી,

(૨) મળેલ ફરીયાદો અન્વયે ઉક્ત સ્થિતિએ ક્યારે શું કાર્યવાહી કરી, અને

(૩) ઉક્ત બાબતે ખેડૂતોને થયેલ નુકશાન અન્વયે કોઈ સહાય ચૂકવવામાં આવેલ છે કેમ ?

----

## નવસારી જિલ્લામાં શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપ માટેની સહાય

15/4/1236 *42 **શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઇ (નવસારી ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટ્રેલીઝ મંડપમાં સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે, તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ યોજના અંતર્ગત ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નવસારી જિલ્લામાંં કુલ કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી?

----

## અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિના ફોર્મ ભરવા માટેનું પોર્ટલ રીઓપન કરવા બાબત

15/4/1992 *43 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**આદિજાતિ વિકાસ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૭-૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૬૬૮ (અગ્રતા-૮૦)ના અનુસંધાને માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, -

(૧) વર્ષ ૨૦૨૧-૨૨ માટે અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ / હોસ્ટેલ ફુડ સહાય માટે ઓનલાઈન ફોર્મ ભરી શકે તે માટે તા.૨૫- ૨-૨૦૨૩ થી તા. ૩૧-૩-૨૦૨૩ સુધી પોર્ટલ રી-ઓપન કરવામાં આવ્યું હતું પરંતુ તે તા.૧૫-૩- ૨૦૨૩ના રોજ બંધ કરી દેવામાં આવ્યું હતું તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શા છે, અને

(૩) બાકી રહી ગયેલા વિદ્યાર્થીઓ ફરી ફોર્મ ભરી શકે તે માટે આ પોર્ટલ ક્યારે રી-ઓપન કરવામાં આવશે ?

----

## આદિજાતિના વિદ્યાર્થીઓ માટે મેડીકલ ક્ષેત્રે અભ્યાસ અર્થે સહાય

15/4/1440 *44 **ડૉ. હસમુખ પટેલ (અમરાઈવાડી):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા આદિજાતિના વિદ્યાર્થીઓ માટે મેડીકલ ક્ષેત્રમાં અભ્યાસ કરવા માટે કોઈ સહાય આપવામાં આવેલ છે કે કેમ,અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમની સહાય આપેલ છે?

----

## અમદાવાદ જિલ્લામાં નવી માધ્યમિક શાળાઓ

15/4/1024 *45 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં સરકારી તેમજ ખાનગી નવી માધ્યમિક શાળાઓ શરૂ કરવાની દરખાસ્તો મળેલ છે કે કેમ,

(૨) જો હા, તો તાલુકાવાર કેટલી દરખાસ્તો મળેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ દરખાસ્તો અંગે શું કાર્યવાહી કરવામાં આવેલ છે ?

----

## રાજ્યની સરકારી શાળાઓમાં વ્યાયામ શિક્ષકોની ખાલી જગ્યાઓ

15/4/1986 *46 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યાયામ શિક્ષકની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત સ્થિતિએ શાળાઓમાં વ્યાયામ શિક્ષકની ભરતી છેલ્લે ક્યારે કરવામાં આવેલ છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે?

----

## આદિજાતિ વિસ્તારમાં સાંસ્કૃતિક ભવન બાંધવા સહાય

15/4/1442 *47 **શ્રી અરવિંદ શાંતિલાલ રાણા (સુરત(પુર્વ)):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યના આદિજાતિ વિસ્તારમાં સાંસ્કૃતિક ભવન બનાવવા માટેની કોઈ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો સાંસ્કૃતિક ભવન માટે કેટલી સહાય કરવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કેટલા સાંસ્કૃતિક ભવન મંજુર કરવામાં આવેલ છે?

----

## મહેસાણા જિલ્લામાં પશુપાલન શિબિરનું આયોજન

15/4/1238 *48 **શ્રી સરદારભાઈ શામળભાઈ ચૌધરી (ખેરાલુ):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં કેટલી તાલુકા અને જિલ્લા પશુપાલન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને

(૨) તેમાં કુલ કેટલા પશુપાલકોએ લાભ લીધો?

----

## છોટાઉદેપુર જિલ્લામાં કુત્રિમ બીજદાન યોજના અન્વયે પશુપાલકોને પ્રોત્સાહન

15/4/1242 *49 **શ્રી જયંતિભાઈ સવજીભાઈ રાઠવા (જેતપુર(એસ.ટી.)):**

**પશુપાલન :-**

માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં શુધ્ધ સંવર્ધન દ્વારા રાજ્યની સ્થાનિક ઓલાદની ગાયમાં કુત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓના ઉછેર માટે પશુપાલકોને પ્રોત્સાહન આપવાની યોજના હેઠળ કેટલા પશુપાલકોને લાભ આપવામાં આવ્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલી રકમ સહાય પેટે ચૂકવવામાં આવી?

----

## અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના

15/4/1230 *50 **શ્રી મહેશ કસવાલા (સાવરકુંડલા):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના (ડબલ્યુ. ડી. સી.-૨.૦) હેઠળ કેટલા ચેકડેમ બનાવવામાં આવેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને લાભ થયો છે, અને

૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

----

## રાજ્યમાં એક જ ઓરડો ધરાવતી સરકારી પ્રાથમિક શાળાઓ

15/4/1973 *51 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં એક જ ઓરડો (વર્ગખંડ) ધરાવતી કેટલી સરકારી પ્રાથમિક શાળાઓ છે, અને

(૨) ઉક્ત શાળાઓમાં એક જ ઓરડો (વર્ગખંડ) હોવાના કારણો શા છે, અને

(૩) વિદ્યાર્થીઓના ભણતરને વિપરીત અસર ન પડે તે માટે વધુ ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવશે?

----

## દાહોદ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી

15/4/1432 *52 **શ્રી શૈલેષભાઈ સુમનભાઈ ભાભોર (લીમખેડા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩-૨૦૨૪ અંતર્ગત દાહોદ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આદિજાતિ ખેડૂત લાભાર્થીઓને ક્યા-ક્યા બિયારણ અને ખાતર આપવામાં આવેલ છે?

----

## રાજ્યની સરકારી શાળાઓમાં ગ્રંંથપાલ

15/4/1963 *53 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૯/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત ક્રમાંક-૩૨૮૧ (અગ્રતા-૪૦)ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.-

(૧) રાજ્યની સરકારી શાળાઓમાં ગ્રંથપાલની ૧૬ જગ્યાઓ ખાલી હતી તે વહીવટી અનુકૂળતાએ ભરવાનું આયોજન હતું તો તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વહીવટી અનુકૂળતા થાય તે માટે શી કામગીરી કરવામાં આવી, .

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને

(3) ઉક્ત સ્થિતિએ રાજ્યમાં સરકારી શાળાઓમાં ગ્રંથપાલની કુલ કેટલી જગ્યાઓ ખાલી છે ?

----

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક શાળાના ઓરડાઓ

15/4/828 *54 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨ (બે) વર્ષમાં પ્રાથમિક શાળાઓના ઓરડાઓ બનાવવા માટે કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી?

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા નવા ઓરડાઓ બનાવવામાં આવ્યા,

(૩) ઉક્ત સ્થિતિએ હજુ કેટલા જર્જરિત ઓરડા છે, અને

(૪) ઉક્ત જિલ્લાઓમાં નવા ઓરડાઓ કયાં સુધીમાં બનાવવાનું આયોજન છે?

----

## ભરૂચ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય

15/4/1428 *55 **શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા (વાગરા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને શાં લાભ આપવામાં

આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી અનુસુચિત જનજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે?

----

**અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં મંજૂર માધ્યમિક શાળાઓ**

15/4/872 *56 **શ્રી હિરાભાઈ ઓધવજીભાઈ સોલંકી (રાજુલા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં સરકારી માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત તાલુકાના કેટલા ગામમાં માધ્યમિક શાળાઓ મંજૂર કરવામાં આવી છે, અને

(૩) ઉક્ત માધ્યમિક શાળાઓનું બાંધકામ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

----

**આદિજાતિ વિકાસ કોર્પોરેશન માટે બજેટમાં નાણાકીય જોગવાઈ**

15/4/1971 *57 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નાણાકીય વર્ષમાં વર્ષવાર ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન માટે ઉક્ત વર્ષોમાં બજેટમાં કોઈ નાણાકીય જોગવાઈ કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત વર્ષવાર બજેટમાં કેટલી રકમની જોગવાઈ કરવામાં આવી અને જોગવાઈ પૈકી વર્ષવાર કેટલી રકમ ફાળવવામાં આવી,

(૩) ફાળવવામાં આવેલ રકમ ઉક્ત વર્ષવાર કઈ યોજનામાં કેટલી વાપરવામાં આવી અને કેટલી રકમ વણવપરાયેલ રહી, અને

(૪) ઉક્ત બજેટમાં જોગવાઈ કરતાં ઓછી રકમ ફાળવવામાં આવેલ હોય તો તેના કારણો શાં છે?

----

## વલસાડ જિલ્લામાં આદિજાતિના લોકો માટેની આવાસ યોજના

15/4/1702 *58 **શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ (વલસાડ):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં આદિજાતિઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ આદિજાતિઓને શાં લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય આપવામાં આવે છે?

----

## કચ્છ જિલ્લામાં પ્રાકૃતિક ખેતી ખરીદ કેન્દ્ર

15/4/1532 *59 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતોની પેદાશનાં વેચાણ અર્થે ખરીદ કેન્દ્રો શરુ કરવા માટે કેટલી દરખાસ્તો આવેલ છે,

(૨) તે પૈકી કેટલા સ્થળોએ ખરીદ કેન્દ્રો શરુ કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત ખરીદ કેન્દ્રોથી ખેડૂતોને શાં લાભ થયો છે?

----

## દાંતા અને અમીરગઢ તાલુકામાં ટીસ્યુકલ્ચર વાવેતર

15/4/1216 *60 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાંતા અને અમીરગઢ તાલુકામાં ટીસ્યુ કલ્ચર વાવેતરમાં કેટલા ખેડૂતોને વર્ષવાર કેટલો લાભ આપવામાં આવ્યો?

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે?

----

## અમદાવાદ શહેર અને જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓને મંજૂરી

15/4/1409 *61 **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળાઓ મંજૂર કરવા અંગેની કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી શાળાઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૩) ઉક્ત પ્રાથમિક શાળાઓને નામંજૂર કરવાના મુખ્યત્વે શા કારણો હતા?

----

## ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ અને વર્ગ-૨નું મંજુર મહેકમ

15/4/1968 *62 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૧૫-૩-૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૩૩૯૦૪ (અગ્રતા-૧૭૬)ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

(૧) ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૧ની ૪૪૭ અને વર્ગ-૨ની ૧૫૪૫ જગ્યાઓ ખાલી હતી તે કાર્યવાહી તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉકત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરવામાં આવેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(3) ઉકત સ્થિતિએ ઉકત વર્ગવાર કુલ કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉકત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

----

## સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય

15/4/1425 *63 **શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**આદિજાતિ વિકાસ :-**

માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને શાં લાભ આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી અનુસુચિત જનજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે?

----

## મહિસાગર અને દાહોદ જિલ્લામાં મનરેગા યોજનામાં મૃતકના જોબકાર્ડ બનાવી નાણાકીય ગેરરીતિ

15/4/1989 *64 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર મનરેગા યોજનામાં મૃતક વ્યક્તિઓના નામે જોબકાર્ડ બનાવી નાણાકીય ગેરરીતિ થઈ હોવા બાબતની કેટલી ફરીયાદો સરકારને મળી,

(૨) ઉક્ત મળેલ ફરિયાદો અન્વયે ક્યારે કઈ કક્ષાએ તપાસ સોંપવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ તપાસ દરમ્યાન કેવા પ્રકારની ગેરરીતિ સામે આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શાં પગલાં લીધાં?

----

## કપાસ અને મગફળીના ટેકાના ભાવ

15/4/1978 *65 **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કપાસ અને મગફળીના ટેકાના ભાવ શું નક્કી કરવામાં આવેલ,

(૨) ઉક્ત ભાવો ઉપરાંત રાજ્ય સરકારે કોઈ પ્રોત્સાહક બોનસની રકમ જાહેર કરેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો ઉક્ત કયા પાક માટે કેટલી પ્રોત્સાહક બોનસની રકમ જાહેર કરવામાં આવેલ છે?

----

## સુત્રાપાડા ખાતે ફીશરીઝ હાર્બર જેટી બનાવવાની કામગીરી

15/4/1983 *66 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):**

**મત્સ્યોદ્યોગ :-**

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) સુત્રાપાડા ખાતે ફીશરીઝ હાર્બર જેટી બનાવવાના કામને સૈદ્ધાંતિક મંજૂરી સને ૨૦૧૨માં મળેલ છે તે હકીકત તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી કયા તબક્કે છે, અને

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

----

## નવસારી અને તાપી જિલ્લામાં નિવૃત્ત શિક્ષકોને પેન્શન બાબત

15/4/1993 *67 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નવસારી અને તાપી જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં નિવૃત્ત પ્રાથમિક શિક્ષકોના પેન્શન કેસોમાં સક્ષમ સત્તાધિકારીઓ દ્વારા જન્મ તારીખમાં સુધારાના હુકમ કરવાના બાકી હોય તેવા કેટલા નિવત્ત પ્રાથમિક શિક્ષકોના કેસ પડતર છે,

(૨) ઉક્ત જિલ્લામાં નિવૃત્ત પ્રાથમિક શિક્ષકોના કેસ પડતર રહેવાના કારણો શાં છે,

(૩) ઉક્ત જિલ્લામાં ઉક્ત નિવૃત્ત શિક્ષકોની જન્મ તારીખમાં સુધારા અંગેના હુકમ તાત્કાલિક થાય તે માટે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૪) ઉક્ત કેસોનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

----

## અમદાવાદ જિલ્લામાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ

15/4/1026 *68 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કૃષિલક્ષી કૌશલ્ય વિકાસ તાલીમ કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કેટલા ખેડૂતોએ તાલીમમાં ભાગ લીધો,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી મહિલા તાલીમાર્થી અને કેટલા પુરુષ તાલીમાર્થીઓએ ભાગ લીધો, અને

(૩) ઉક્ત સ્થિતિએ તે પેટે કેટલો ખર્ચ થયો?

----

## નીલ ક્રાંતિ અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી મળેલ રકમ

15/4/1987 *69 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**મત્સ્યોદ્યોગ :-**

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીલ ક્રાંતિ અભિયાન અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી,

(૨) ઉક્ત મળેલ રકમમાંથી ફિશ કેજ કલ્ચર પ્રોજેક્ટ માટે કેટલી રકમ ઉક્ત વર્ષવાર વાપરવામાં આવી,

(૩) ઉક્ત્ વર્ષવાર ઉક્ત પ્રોજેક્ટમાં ગેરરીતિ અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી, અને

(૪) મળેલ અન્વયે જવાબદારો સામે શા પગલાં લીધાં?

----

## અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળામાં શિક્ષકો અને ઓરડાઓની ઘટ

15/4/873 *70 **શ્રી હિરાભાઈ ઓધવજીભાઈ સોલંકી (રાજુલા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) અમરેલી જિલ્લાના રાજુલા તાલુકામાં સરકારી પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળામાં શિક્ષકો અને ઓરડાઓની ઘટ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત ઘટતાં ઓરડાઓ અને ખૂટતા શિક્ષકોની ઘટ કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## રાજ્યની અનુસૂચિત જનજાતિની આશ્રમશાળાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને લાભ

15/4/1972 *71 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**આદિજાતિ વિકાસ :-**

૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમાં સત્રમાં તા.૧૫/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંંકિત પ્રશ્ન ક્રમાંક-૩૩૯૭૭(અગ્રતા-૪૧)ના અનુસંધાને માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-

(૧) આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓના કર્મચારીઓને સળંગ નોકરીના લાભો આપવાની બાબત કાર્યવાહી હેઠળ હતી તે કાર્યવાહી તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની આશ્રમશાળાઓના કર્મચારીઓને સળંગ નોકરીના લાભો આપવામાં આવશે ?

----

**કચ્છ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ અરજીઓ**

15/4/1204 *72 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ :-**

માનનીય ગ્રામા વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ કેટલા આવાસોની અરજીઓ આવી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી?

----

**દાંતા અને અમીરગઢ તાલુકામાં અતિવૃષ્ટિને કારણે પાકને થયેલ નુકશાન**

15/4/1217 *73 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાંતા અને અમીરગઢ તાલુકામાં અતિવૃષ્ટિ અને માવઠાંના કારણે ખેડૂતેના ઉભાં પાકને થયેલ નુકશાન અંતર્ગત કેટલા ખેડૂતોને રાહત પેટે કેટલી રકમનું વળતર ચૂકવવામાં આવ્યું,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા ખેડૂતોને કેટલી રકમ ચૂકવવાની બાકી છે, અને

(૩) બાકી રકમ ક્યાં સુધીમાં ચૂકવવાનું આયોજન છે?

----

**પ્રાથમિક શિક્ષકોની જિલ્લા ફેરબદલી માટે કેમ્પ યોજવા બાબત**

15/4/1410 *74 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ :-**

માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રાથમિક શિક્ષકોની જિલ્લા ફેરબદલીના કેટલા કેમ્પ યોજવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ અમદાવાદ શહેર અને જિલ્લાના કેટલા શિક્ષકોની અરજીઓ મળી,

(૩) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો અને કેટલી અરજીઓનો નિકાલ બાકી છે, અને

(૪) ઉક્ત અરજીઓનો નિકાલ ક્યાં સુધીમાં કરવામાં આવશે?

----

**રાજયમાં ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો ન મળવા બાબત**

15/4/1984 *75 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજયના ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવ મળતા નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ, અને

(૨) જો હા, તો ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પગલાં લેવામાં આવ્યા?

----

**અમદાવાદ જિલ્લામાં ફળપાકોના વાવેતર માટે સહાય**

15/4/1030 *76 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**કૃષિ :-**

માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળ પાકોના વાવેતર માટે રાજ્ય સરકાર દ્વારા સહાય આપવામાં આવેલ છે કે કેમ, અને
(૨) જો હા તો ઉકત સ્થિતિએ વર્ષ ૨૦૨૩ -૨૪ માં અમદાવાદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી ?

----